બ્રિક્સમાં ભાગીદાર રાષ્ટ્ર તરીકે વધુ ૧૩ દેશોનો સમાવેશ, પાકિસ્તાનને સ્થાન નહીં મળ્યું

તુર્કીને પાકિસ્તાનની દોસ્તી ભારે પડી, ભારતે પ્રવેશ અટકાવ્યો હોવાની ચર્ચાઓ

કઝાન, તા. ૨૪: મધ્ય રશિયાના કઝાન શહેરમાં યોજાયેલી બ્રિક્સ સંગઠનની સમિટમાં એક મહત્વનો નિર્ણય લેવાયો છે. આ સંગઠનમાં વધુ ૧૩ દેશોનો પાર્ટનર દેશ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. પાકિસ્તાન પણ આ સંગઠનનું સભ્યપદ માગી રહ્યું હતું પણ તેને આ સંગઠનના ભાગીદાર દેશ તરીકે પણ સ્થાન મળ્યું નથી. આ વખતે ૩૦થી વધુ દેશોએ આ સંગઠનમાં સભ્યપદ માટે અરજી કરી હતી.

હાલમાં જે વધુ ૧૩ દેશોનો સમાવેશ ભાગીદાર દેશ તરીકે આ સંગઠનમાં કરવામાં આવ્યો છે તેમાં અલ્જિરિયા, મલેશિયા, ઇન્ડોનેશિયા, કઝાખસ્તાન, નાઇજિરિયા, ઉઝબેકિસ્તાન વગેરે મળીને ૭ તો મુસ્લિમ દેશો છે. પાકિસ્તાનને આ સંગઠનમાં પ્રવેશ અપાયો નથી એ માટે જે કારણ અપાય છે તેમાં એક કારણ તેની આર્થિક નબળાઇ છે. ખાસ કરીને સમૃદ્ધ દેશોના સંગઠન જી-૭ને ટક્કર આપવા બ્રિક્સની રચના કરાઇ છે ત્યારે પાકિસતાનનો તેમાં સમાવેશ કરવાથી આ સંગઠન આર્થિક રીતે નબળુ ગણાય તેમ છે. વળી, ભારત સાથેના મતભેદો પણ પાકિસ્તાનને નડી ગયા છે. ભારત સાથેના મતભેદોને કારણે આ સંગઠનની કામગીરી પર અસર પડી શકે તેમ હતું. બ્રિક્સમાં તુર્કી પણ સભય બનવા માગતું હતું પણ પાકિસ્તાન સાથેની તેની દોસ્તીને કારણે ભારતે તેનો વિરોધ કરતા તેનો પ્રવેશ અટકી ગયો હોવાનું કહેવાય છે.

■ ઇજિપ્તમાં ઐતિહાસિક ગિઝાના પિરામીડ નજીક ભારતીય કલાકાર શિલો શિવ સુલેમાન દ્વારા ફોરએવર ઇઝ નાવ નામના પ્રદર્શનમાં મૂકવામાં આવેલ પદ્મ/પલ્સ એન્ડ બ્લૂમ નામનું ઇન્સ્ટોલેશન તસવીરમાં જોઇ શકાય છે.

કેરળ જીએસટીએ થ્રિસુરમાં દરોડા પાડી રૂ. 75 કરોડની કિંમતનું 104 કિલોગ્રામ બિનહિસાબી સોનું જપ્ત કર્યું

થ્રિસુર (કેરળ), તા. 24 (પીટીઆઈ) : સોનાના વેપાર માટે જાણીતા થ્રિસુરમાં ગોલ્ડ જ્વેલરી મેન્યુફેક્ચરિંગ એકમોને લક્ષ્ય બનાવતાં એક મોટા ઓપરેશનમાં કેરળ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) વિભાગના અધિકારીઓએ આશરે રૂ. 75 કરોડની કિંમતનું 104 કિલોગ્રામ બિનહિસાબી સોનું જપ્ત કર્યું છે.

'ટોરે ડેલ ઓરો' નામના આ ઓપરેશનને રાજ્યમાં આ પ્રકારનું સૌથી મોટું ઓપરેશન માનવામાં આવે છે. આ નામ એક સ્પેનિશ શબ્દ પરથી લેવામાં આવ્યું છે જેનો અર્થ થાય છે 'સોનાનો ટાવર'.

ઓપરેશન બુધવારે સાંજે શરૂ થયું હતું અને ગુરુવાર સુધી ચાલુ રહ્યું હતું, જેમાં 700થી વધુ અધિકારીઓ સામેલ હતા, જેમણે સમગ્ર મધ્ય કેરળ જિલ્લામાં ઉત્પાદન સુવિધાઓ અને જ્વેલર્સના ઘર બંને સહિત લગભગ 78 સ્થળોનું નિરીક્ષણ કર્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, રાજ્ય જીએસટી વિભાગની ગુપ્તચર શાખા છેલ્લા છ મહિનાથી જ્વેલરી ઉત્પાદકો દ્વારા કથિત જીએસટી છેતરપિંડીની તપાસ કરી રહી હતી.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, અધિકારીઓને 104 કિલો સોનું જપ્ત કરવા ઉપરાંત બિલિંગ અને કરવેરા પ્રક્રિયામાં નોંધપાત્ર અનિયમितતા જોવા મળી હતી.

અગાઉ, સૂત્રોએ જણાવ્યું હતું કે, દરોડા દરમિયાન 120 કિલોગ્રામ બિનહિસાબી સોનું જપ્ત કરવામાં આવ્યું હતું.

જીએસટી સ્પેશિયલ કમિશનર અબ્રાહમ રેન એસની દેખરેખ હેઠળ વ્યાપક દરોડા પાડવામાં આવ્યા હતા.

સૂત્રોએ ઉમેર્યું હતું કે, ગુપ્તતા સુનિશ્ચિત કરવા માટે રાજ્યભરના અધિકારીઓને તાલીમ કાર્યક્રમના બહાને થ્રિસુર બોલાવવામાં આવ્યા હતા અને 'અભ્યાસ પ્રવાસ' લખેલા બેનરો સાથે ચિહ્નિત બસો પર વિવિધ સ્થળોએ લઈ જવામાં આવ્યા હતા. સ્ટેટ જીએસટી ઈન્ટેલિજન્સ ડેપ્યુટી કમિશનર દિનેશ કુમારે મીડિયાને જણાવ્યું હતું કે, ઓપરેશન 'ટોરે ડેલ ઓરો' ચાલુ રહેશે.

■ અમેરિકામાં આવતા મહિને થનારી રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી માટે પ્રચાર જોર શોરમાં છે ત્યારે ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના પ્રચાર માટે ભારતીયો બહુલ સંખ્યામાં રહે છે એ કેલિફોર્નિયામાં હિંદી અને ગુજરાતી ભાષામાં પોસ્ટર્સ લાગ્યા છે જેની તસવીર સોશિયલ મીડિયામાં વાયરલ થઈ હતી.

મહારાષ્ટ્રની ચૂંટણી માટે શાસક-વિપક્ષ બંનેએ નેતાઓના સ્વજનોને ટિકીટો આપી છે

શાસક ભાજપ, શિવસેના(શિંદે), એનસીપી(અજીત જૂથ) તથા વિપક્ષી શિવસેના(યુબીટી)એ તેમની પ્રથમ યાદીમાં પોતાના અનેક વરિષ્ઠ નેતાઓના સ્વજનોને ચૂંટણીમાં ઉભા રાખ્યા છે

મુંબઇ, તા. ૨૪(પીટીઆઇ): રાજકીય પક્ષો વારંવાર પોતાના હરીફો પર વંશવાદી રાજકારણનો આક્ષેપ કરતા હોય છે, ત્યારે ચૂંટણી વખતે તેઓ તેમના સ્થાપિત નેતાઓના સંબંધીઓને મેદાનમાં ઉતારતા અચકાતા નથી. આવતા મહિને યોજાનાર મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોની અત્યાર સુધીની જે યાદીઓ જાહેર થઇ છે તેના પરથી આ સ્પષ્ટ જણાઇ આવે છે.

શાસક બાજુએથી ભાજપ, મુખ્યમંત્રી એકનાથ શિંદેની શિવસેના, અજીત પવારની આગેવાની હેઠળની નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીએ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે, જ્યારે વિપક્ષી ગઠબંધન મહા વિકાસ અઘાડી(એમવીએ)માંથી ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના(યુબીટી) અત્યાર સુધીમાં પ્રથમ યાદી સાથે આગળ આવી છે. તેમની યાદીઓમાં નોંધપાત્ર સંખ્યામાં ઉમેદવારો એવા છે કે જેઓ વર્તમાન મંત્રીઓ, ધારાસભ્યો કે સાંસદોના નજીકના સગાઓ છે, જેમાં તેમના પુત્ર, પુત્રીઓ, પત્નીઓ અથવા ભાઈઓ કે બહેનોનો સમાવેશ થાય છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી અશોક ચવાણ, કે જેઓ લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા હતા તેમની પુત્રી શ્રીજયા ચવાણને ભાજપ આ કુટુંબની પરંપરાગત ભોકાર બેઠક માટે ટિકીટ આપી છે. મુંબઇ ભાજપના વડા આશીષ શેલારના ભાઇ વિનોદ શેલારને મલાડ વેસ્ટમાંથી ભાજપે ઉભા રાખ્યા છે જ્યારે આશિષ પોતે બાંદ્રા વેસ્ટમાંથી ઉભા રહ્યા છે.

શિવસેના(શિંદે)એ લોકસભાના સભ્ય નારાયણ રાણેના પુત્ર નિલેશ, કે જેઓ હાલમાં જ શિવસેનામાં જોડાયા છે તેમને શિવસેનાએ કંકાવલી મતવિસ્તારમાંથી ટિકીટ આપી છે. આ જ રીતે આ શિવસેનાએ ઉદય રાજ્યના મંત્રી ઉદય સાવંતના ભાઇ કિરણ સાવંતને રત્નાગિરી જિલ્લાના રાજપુરા બેઠક પરથી ઉભા રાખ્યા છે. એનસીપી(અજીત)એ છગન ભૂજબળના પુત્ર પંકજને યેવલા બેઠક પરથી ઉભો રાખ્યો છે. જ્યારે વિપક્ષી ઉદ્ધવ ઠાકરેની શિવસેના(યુબીટી)એ ઉદ્ધવના પુત્ર આદિત્યને મુંબઈની વર્લી બેઠક પરથી ઉભા રાખ્યા છે, આદિત્ય હાલ પણ ધારાસભ્ય છે. જ્યારે આદિત્યનો પિતરાઇ ભાઇ વરુણ સરદેસાઇ બાંદ્રા ઇસ્ટમાંથી પોતાની પ્રથમ ચૂંટણી લડશે. બીજા પણ આવા અનેક સગાઓને ટિકીટો અપાઇ છે.

જેમને ડીમોલીશનથી અસર થઈ છે તેઓ અદાલતમાં આવી શકે છે: રાજ્યો સામે અવમાનનાની કાર્યવાહી કરવાનો સુપ્રીમનો ઈન્કાર

ઉત્તરાખંડ, રાજસ્થાન અને યુપીમાં થયેલા ડીમોલીશનો બાબતે અદાલતની અવમાનનાની કાર્યવાહી કરવાની માગ કરતી અરજી ફગાવી

જેને આ ડીમોલીશનથી અસર થઇ નથી તેવી વ્યક્તિની આવી અરજી દાખલ કરવા યોગ્ય જણાતી નથી

નવી દિલ્હી, તા. ૨૪(પીટીઆઇ): સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં મિલકતોના કરવામાં આવેલા ડીમોલીશનો આ કોર્ટના આદેશની અવમાનના હોવાનો આક્ષેપ કરતી એક અરજી દાખલ કરવાનો ઈન્કાર કર્યો હતો.

જસ્ટસો બી.આર. ગવઈ , પી.કે. મિશ્રા અને કે.વી. વિશ્વનાથનની એક બેન્ચે જણાવ્યું હતું કે તે એક એવા અરજદારની અરજી દાખલ કરવા માટે ઉત્સુક નથી કે જેને આ કથિત કૃત્ય સાથે સીધો કે આડકતરો સંબંધ છે. અમે વીંછીનો દાબડો ખોલવા ઈચ્છતા નથી એમ કહેતા બેન્ચે વધુમાં કહ્યું હતું કે જેમને ડીમોલીશનથી અસર થઈ હોય તેવી વ્યક્તિઓને અદાલતમાં આવવા દો.

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
Central Bank of India

પાલ શાખા : દુકાન નં. ૧, ૨, ૩, સિલ્વર પોઈન્ટ, ગેલેક્સી સર્કલ, પાલ ગામ, સુરત-૩૯૫૦૦૯.

પઝેશન નોટીસ

ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨, નિયમ ૮(૧)

આથી, **(સ્થાવર મિલકત માટે)**

નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, પાલ શાખા, સુરત**ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨), ૧૩(૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત **તા. ૦૪.૦૬.૨૦૨૪** ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા ઉધારકર્તા **શ્રી અમિત જયંતીલાલ પરમાર (કરજદાર), શ્રીમતી જયશ્રીબેન જેનતીભાઈ પરમાર (સહ-કરજદાર), શ્રી પંકજ જનારદન કાંઘવે (જામીનદાર)**ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૧૪,૩૮,૪૭૯/- (રૂા. ચૌદ લાખ આડત્રીસ હજાર ચારસો ઓગણાએંસી પુરા)** તા. ૦૪.૦૬.૨૦૨૪ થી ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તા/જામીનદારને બેંકની સમગ્ર રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા / જામીનદાર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા પેટા કલમ (૪) અને કલમ ૧૩ તથા નિયમ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. ૨૧.૧૦.૨૦૨૪** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **સાંકેતિક કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, પાલ શાખા, સુરત** ના બાકી લેણા **રૂા. ૧૪,૩૮,૪૭૯/- (રૂા. ચૌદ લાખ આડત્રીસ હજાર ચારસો ઓગણાએંસી પુરા)** તા. ૦૪.૦૬.૨૦૨૪ના રોજ થી ચડત વ્યાજ વ્યાજ, આનુંસગિક ખર્ચા, કોસ્ટ, ચાર્જીસ વગેરેના બોજા સહિત રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકરાષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતની વિગત

શ્રી અમિત જયંતીલાલ પરમાર, શ્રીમતી જયશ્રીબેન જેનંતીભાઈ પરમારની માલિકીની મિલકત જે પ્લોટ નં. ૬૦, ક્ષેત્રફળ ૪૪.૬૧ સ્કે. મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો ક્ષેત્રફળ ૨૪.૫૪ સ્કે. મીટર રોડ અને સીઓપી, કુલ ક્ષેત્રફળ ૬૯.૧૫ સ્કે. મીટર, ગોકુલધામ રેસીડેન્સી, જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૧૦૩, બ્લોક નં. ૧૧૫, ગામ-નનસાડ, તાલુકા-કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવરમિલકત.

ચતુરસીમા : ● **ઉત્તરે** : પ્લોટ નં. ૫૯ ● **પુર્વે** : પ્લોટ નં. ૬૫ ● **દક્ષિણે** : પ્લોટ નં. ૬૧ ● **પશ્ચિમે** : સોસાયટીનો અંદરનો રસ્તો

તારીખ : ૨૧.૧૦.૨૦૨૪ **સ્થળ : સુરત**

સહી/- **અધિકૃત અધિકારી, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**

તુર્કીએ સતત બીજા દિવસે ઈરાક અને સીરિયામાંના કુર્દ ત્રાસવાદી લક્ષ્યોને નિશાન બનાવ્યા

તુર્કીશ સંરક્ષણ કંપની પર કરવામાં આવેલા હુમલા પછી કુર્દીશ ઠેકાણાઓ પર તુર્કીના લશ્કરના હુમલાઓ

બે દિવસમાં કુલ ૪૭ લક્ષ્યોનો નાશ કરવામાં આવ્યો

અંકારા, તા. ૨૪(એપી): સિરીયા અને ઈરાકમાંના કુર્દીશ ત્રાસવાદીઓના ઠેકાણાઓ પર તુર્કીયે આજે સતત બીજા દિવસે ત્રાટક્યું હતું. જેમાં પાંચ લોકો માર્યા ગયા હતા તે એક મહત્વની સંરક્ષણ કંપનીના પરિસરમાં કરવામાં આવેલા હુમલાઓ પછી આ હુમલાઓ કરવામાં આવી રહ્યા છે એમ સરકાર સંચાલિત ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો હતો.

નેશનલ ઈન્ટેલિજન્સ ઓર્ગેનાઈઝેશને કુર્દીસ્તાન વર્કર્સ પાર્ટી - પીકેકે દ્વારા અથવા તો સીરિયન કુર્દીશ મિલિશિયા દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા સંખ્યાબંધ વ્યુહાત્મક સ્થળોને નિશાન બનાવ્યા હતા એમ અનાદોલુ એજન્સીએ અહેવાલ આપ્યો હતો. લક્ષ્યોમાં લશ્કરી, ગુપ્તચર, ઉર્જા અને માળખાગત સવલતો અને દારૂગોળાના ડેપોટ્સનો સમાવેશ થતો હતો એમ અહેવાલમાં જણાવાયું હતું. એક સુરક્ષા અધિકારીએ જણાવ્યું હતું કે ગુરુવારના હુમલાઓમાં સશસ્ત્ર ડ્રોન્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બુધવારે તુર્કીયેના હવાઇ દળે ઉત્તર સીરિયા અને ઉત્તરીય ઈરાકમાં આવા જ લક્ષ્યો પર હવાઇ હુમલાઓ કર્યા હતા. આ હુમલાઓ એના કલાકો પછી કરવામાં આવ્યા હતા જ્યારે સરકારી અધિકારીઓએ તુર્કીની એરોસ્પેસ અને સંરક્ષણ કંપની તુસાસ પર કરવામાં આવેલા ઘાતક હુમલા બદલ પીકેકે પર આક્ષેપ કર્યો હતો.

સંરક્ષણ મંત્રી યાસર ગુલેરે આજે જણાવ્યું હતું કે બુધવારના હવાઇ હુમલાઓમાં પીકેકેના કથિત ૪૭ લક્ષ્યોનો નાશ કરવામાં આવ્યો હતો જેમાં ઈરાકમાં ૨૯ અને સીરીયામાં આવા ૧૮ લક્ષ્યોનો સમાવેશ થતો હતો.

ન્યાયની દેવીની પ્રતિમાને લઈને વિવાદ, સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશને આ મુદ્દે નારાજગી વ્યક્ત કરી

નવી દિલ્હી, તા. 24: એસસીબીએ (સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન) ના પ્રમુખ કપિલ સિબ્બલ અને એક્ઝિક્યુટિવ કમિટીના અન્ય સભ્યો દ્વારા હસ્તાક્ષર કરાયેલા ઠરાવમાં પણ સૂચિત મ્યુઝિયમ સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો જ્યાં તેઓએ બારના સભ્યો માટે કાફે-લાઉન્જ બનાવવાની માંગ કરી હતી.

સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન (એસસીબીએ)એ સર્વોચ્ચ અદાલતના પ્રતીક 'ન્યાયની દેવી'ની પ્રતિમામાં ધરમૂળથી ફેરફાર કરવા સામે વાંધો ઉઠાવ્યો છે. સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશને સર્વાનુમતે આ ફેરફાર સામે ઠરાવ પસાર કર્યો છે. ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની લાઈબ્રેરીમાં ન્યાયની દેવીની નવી છ ફૂટ ઊંચી પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે, જેના એક હાથમાં ત્રાજવાની જગ્યાએ બંધારણ છે અને બીજા હાથમાં તલવાર છે. સફેદ પરંપરાગત પોશાકમાં સજ્જ 'ન્યાયની દેવી'ની નવી પ્રતિમા આંખે પાટા પણ બાંધેલી નથી અને તેના માથા પર તાજ છે.

ઠરાવમાં કહેવામાં આવ્યું છે કે, સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનની કાર્યકારી સમિતિએ અવલોકન કર્યું છે કે તાજેતરમાં જ કોર્ટે બારની સલાહ લીધા વિના તેના લોગો અને ન્યાયની દેવીની પ્રતિમામાં એકપક્ષીય રીતે કેટલાક આમૂલ ફેરફારો કર્યા છે. અમે ન્યાય પ્રણાલીમાં સમાન હિસ્સેદારો છીએ, પરંતુ સૂચિત ફેરફારો વિશે અમારી ક્યારેય સલાહ લેવામાં આવી નથી. આ ફેરફારો પાછળના તર્કથી આપણે સાવ અજાણ છીએ.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ 6
ઓછામાં ઓછા ૧૨ શબ્દો +(GST)
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

કબુતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિંટિગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184 (1188)

ઘરબેઠા રીપેરીંગ
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. 9825859049, 7859985601 (1185)

લાઇફ હિંચકાના કડાં,
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ : 8460222292, 8460222282 (1186)

મિલ્કત વેચવાની છે

વેચવાનું છે
કડોદરા- બારડોલી હાઈવે ટચ ગંગાધરા મુકામે G+1 કોર્નરનું મકાન દરેક ધંધાને લાયક મો:- 7567925870 (1190)

પાર્લેપોઈન્ટમાં કોર્નરનું
ગ્રાઉન્ડ+ ૨ મકાન વેચવાનું છે. 9376925382, 9228879382

G + 2 મકાન
વેચવાનું છે. સગરામપુરા, સુરત. 6354103942, 9016048895

પાલમાં 221 વારનો
પ્લોટ વેચવાનો છે. દલાલ માફ. 9601662923

કીમ અમૃતનગરમાં
ત્રણ રોડટચ પ્લોટ વેચવાના છે. મો. 9825199527 (1189)

મિલ્કત લે-વેચ

હોજીવાલામાં પ્લોટ,
લેવા/ વેચવા તથા ભાડેથી આપવાનાં છે સિદ્ધાર્થ શાહ- 9998227450 સતીશ શાહ- 9825127450 9898027450 (1159)

વડોદરા અને સુરતમાં
પ્રોપર્ટી લે- વેચ, ભાડે માટે મળો મોબાઈલ: 9104614923 (1051)

પાલમાં દુકાન
વેચાણ કરારથી આપવાની છે.
460 ચોરસ ફૂટ | સુપર બિલ્ટઅપ એરિયા ગ્રાઉન્ડ ફ્લોર પર નિસલ સર્કલ પાસે
9712979399

મિલ્કત જોઈએ છે

વાપી- વલસાડની
આસપાસ: ૪૦૦૦થી ૬૦૦૦ ફુટનો 'શેડ' (૧૦ હોર્સ પાવરવાળો) ગ્રાઉન્ડફ્લોરમાં ભાડેથી જોઈએ છે. આપની ડીટેલ્સ વોટસઅપ કરો- 7700901246

વ્યવસાયીક વેચવાનું છે

નીકલ પ્લેટિંગ પ્લાન્ટ
મશીનરી સાથે તેમજ રોહીત બ્રાન્ડ બફિંગ મોટર વેચવાનું 9825163127 (1181)

ફ્લેટના ભાવમાં બંગલો વેચવાનો છે
પીપલોદ, ફ્રી હોલ્ડ, 275 વાર 5BHK, 7000 sq.ft. બાંધકામ
જયેશ લાપસીવાલા
92285 08601

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

(સાગર) ૯૪૨૭૧૧૩૩૧૭,
દિવાળીમાં ગોવા, મહાબળેશ્વર, સ્લીપિંગમા કેરલા, રામેશ્વરમ, કન્યાકુમારી, જટાયુ, (1169)

સ્વપ્ન ટ્રાવેલ્સ
રેલ્વે ૨ x 2 પ્રવાસો દક્ષિણ ભારત તા- ૧૭/૧/૨૫ દિ.૧૧ રોયલ કાશ્મીર શ્રીનગર ૪ નાઈટ પહેલગામ ૨ નાઈટ કતરા ૨ નાઈટ તા. ૩/૧/૨૫ ૨૧/૧/૨૫ ૫/૨/૨૫ ૧૫/૩/૨૫ દિ. ૧૦/૧૧ રેલ્લે બુકીંગ ૬૦ દિવસ પહેલા થાય છે બુકીંગ ચાલુ છે. સંપૂર્ણ સગવડતા સહિત મળો દીપકભાઈ બોડીવાલા યોગી કોમ્પલેક્ષ ન્યુ રાંદેર રોડ , સુરત મો. 9825144143 (1164)

તદ્દન ચાલુ ખાતાનાં
ચાલુ કંડીશનમાં 64 પનાનાં સિંગલ પનાના રેપીયર મશીન વીથ 1200 હુક્સની જેકાર્ડ ભાડેથી અથવા વેચાણથી આપવાની છે. અમારો નીચેનાં નંબર ઉપર સંપર્ક કરશો.
કોન્ટેક નંબર 9376829808

(ભાઇબીજે) ગોવા
8000/- એરકન્ડીશન સીટિંગ બસમાં, એરકન્ડીશન રૂમમાં, પૂજા ટ્રાવેલ્સ, ભાગળ, 9825567760 (1170)

ઊંઁ શિવ ટ્રાવેલ્સ
2 નવેમ્બર હરીદ્વાર મથુરા વૃન્દાવન અયોધ્યા બનારસ ચિત્રકુટ ઉજ્જૈન 2, 4, 9 નવેમ્બર ઉદેયપુર ચિત્તોડગઢ જયપુર માઉન્ટ આબુ 7, 11, નવેમ્બર (ઉજ્જૈન મહાકાળેશ્વર ઓમકારેશ્વર માંડવગઢ) (મહાબળેશ્વર પંચગીની લોનાવાલા) 3, 9, નવેમ્બર જેસલમેર જોધપુર રામદેવડા ઓફિસ ભાગળ ખરવર શેરી સુરત 9327199997, 9537838949 (1182)

પ્રથમ ટ્રાવેલ્સ
દિવાળી પ્રવાસ રાજસ્થાન જયપુર, ચિતોડગઢ, આબુ અંબાજી, શ્રીનાથજી, ઉદેયપુર વિજયભાઈ પારેખ કતારગામ. 9825344459 (1183)

સ્વપ્ન ટ્રાવેલ્સ
રેલ્વે 2 x 2 દ્વારા જગન્નાથપુરી કામાખ્યા માતા દાર્જીલીંગ નેપાળ ૪/૧૧ દિ. ૧૮ ૭ સીટ બાકી મળો- દિપકભાઈ બોડીવાલા M. 9825144143 (1184)

ઓમસાંઈ ટ્રાવેલ્સ
દિવાળીમાં ઉપડતા પ્રવાસો (નેપાળ, ગંગાસાગર, જગન્નાથપુરી, અયોધ્યા, બનારસ કામાખ્યા, 24 દિવસ) (અષ્ટવિનાયક, પાંચ જ્યોતિર્લિંગ 8 દિવસ) (કચ્છ, ભુજ આશાપુરી માતા મઠ મોગલધામ 5 દિવસ) (ગોવા, મહાબળેશ્વર, 8 દિવસ) (રંગીલુ રાજસ્થાન 7 દિવસ) (મહાબળેશ્વર, પંચગીની, લોનાવાલા 3 દિવસ) 7878674257 (1187)

સાંઈ કાલિકા જ્યોતિષ
એક સલાહ આપના જીવનના દરેક સંકટોથી મુક્તિ અપાવી શકે છે
લવ ગુરૂ સ્પે. : પ્રેમીઓ માટે છેલ્લો ઉપાય, નિરાશ પ્રેમીઓ ખાસ મળો
સાસુ વહુનો ત્રાસ
પતી-પત્નીના અણબનાવ
જીવનની A to Z સમસ્યા માટે મળો
દરેક વ્યસનથી મુક્તિ
સૌતનત્રાસ, લગ્ન વિલંબ, તૂટેલા સંબંધ, એકતરફી પ્રેમ, પ્રેમમાં દગો, શત્રુ-વિજય, સંબંધોમાં કડવાશ હોવી.
શું આપને પ્રેમી ઈગ્નોર કરે છે? આપની ફીલીંગ્સ સમઝતા નથી?
મજુરાગેટ, સુરત.
M: 9427137879

દિવાળી પ્રવાસમાં
જબરદસ્ત ડિસ્કાઉન્ટ, જૂના જાણીતા રાજુ મોદી. (સિમલા, મનાલી, ડેલહાઉઝી, ધર્મશાળા, અમૃતસર) (કાશ્મીર, વૈષ્ણોદેવી, પહેલગામ, ગુલમર્ગ, સોનમર્ગ) 3 નવેમ્બર, દિવસ 14, સ્ટાર ગ્રેડહોટલમાં રહેવા જમવા સાથે 9374512979 (લિમિટેડ સીટ) (1179)

નોકરી વિષયક

જોઈએ છે.
ડોર ટુ ડોર ડીસ્ટ્રીબ્યુશન માટે લેડીઝ તથા જેન્ટ્સ અનુભવી તથા બિનઅનુભવી પાર્ટટાઈમ/ ફુલટાઈમ રોજે રોજનાં રોકડા પૈસા આપવામાં આવશે. તાત્કાલિક સંપર્ક કરો- 9909939898

અમરોલી વિસ્તારમાં
સર્જીકલ હોસ્પિટલ માટે આયા માસી જોઈએ છે. Contact No- 9909159709

Required teacher
at sarvoday vidhyalay ved road surat, Bsc, MSc, MA Bed, Secondary subject maths, science & sankrit English (FL) & drawing teacher having BFA & MFA degree, & pri primary English teacher (Please contact) 9879039064 (1178)

અડાજણમાં પ્રિસ્કૂલ
માટે ફિમેલ ટીચર જોઈએ છે. સમય 11:00 થી 7:00 અને 4:00 થી 7:30. કોલ 8401412733

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.